For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

**વડોદરાની જનતા અત્યારે આકરા તાપમાં તપી રહી છે અને તંત્ર હજુ પણ ઊંઘમાં**




# શહેરમાં ગેસ સિલિન્ડરનો કકળાટ, મહિલા બેભાન

## કાળઝાળ ગરમીમાં 8 વાગ્યાથી 200થી વધુ લોકોની કતારો

(પ્રતિનિધિ), વડોદરા. તા.12

એક તરફ આભમાંથી અગનગોળા વરસી રહ્યા છે અને બીજી તરફ રસોડાનો ચૂલો સળગતો રાખવા માટે વડોદરાવાસીઓએ રસ્તા પર ઉતરવાની નોબત આવી છે. ઈઝરાયેલ-હમાસ યુદ્ધની અસર ગેસના પુરવઠા પર પડશે તેવી ભીતિ અને અફવાઓના પગલે વડોદરાના નાગરિકોમાં ભારે ફફડાટ વ્યાપ્યો છે. શહેરના પાણીગેટ વિસ્તારમાં આવેલી ગાયત્રી ગેસ એજન્સી પર સવારના 8:00 વાગ્યાથી જાણે કીડિયારું ઉભરાયું હોય તેમ 200થી વધુ લોકોના ટોળા ઉમટી પડ્યા છે. નાગરિકોનો સીધો આક્ષેપ છે કે ઘરે બેઠા ગેસ સિલિન્ડર નોંધાવ્યાને દિવસો વીતી ગયા હોવા છતાં ડિલિવરી મળતી નથી. એજન્સી પાસે કોઈ સંતોષકારક જવાબ ન હોવાથી લોકોએ મજબૂરીમાં પોતાના નોકરી-ધંધા અને રોજગારી છોડીને સિલિન્ડર લેવા માટે લાઈનમાં ઉભા રહેવું પડ્યું છે. મધ્યમ વર્ગના પરિવારો અત્યારે દ્વિધામાં છે કે ઘર ચલાવવું કે ગેસના બાટલા પાછળ આખો દિવસ બગાડવો. આજે વહેલી સવારથી જ સૂર્યનારાયણ પ્રકોપ વરસાવી રહ્યા હતા. આવી કાળઝાળ ગરમીમાં કલાકો સુધી પાણીગેટ વિસ્તારમાં આવેલી ગાયત્રી ગેસ એજન્સીની બહાર લાઈનમાં ઉભા રહેવાને કારણે એક મહિલાને અચાનક ચક્કર આવતા તે જમીન પર પટકાઈ હતી. ગરમી અને ડિહાઈડ્રેશનને કારણે મહિલા બેભાન થતા ઘટનાસ્થળે અફરાતફરી મચી ગઈ હતી. જોકે, બાજુમાં ઉભેલા અન્ય જાગૃત નાગરિકોએ તાત્કાલિક પાણીનો છંટકાવ કરી મહિલાની સારવાર કરી તેને ભાનમાં લાવી હતી. આ દ્રશ્યો જોઈને તંત્ર સામે લોકોનો રોષ ફાટી નીકળ્યો હતો. શું ખરેખર ઈઝરાયેલ યુદ્ધને કારણે સપ્લાય ચેઈન ખોરવાઈ છે ? કે પછી આ તંત્રની નિષ્ફળતા અને કૃત્રિમ અછત છે ? વહીવટી તંત્ર અને ગેસ કંપનીઓએ તાત્કાલિક મીડિયા સમક્ષ આવીને સ્થિતિ સ્પષ્ટ કરવી જોઈએ.

### કલેક્ટરના દાવા પોકળ, અનેક હોસ્ટલોમાં સિલિન્ડરનો સ્ટોક પૂર્ણ થવાના આરે

વડોદરા શહેરમાં છેલ્લા કેટલાક સમયથી કોમર્શિયલ ગેસ સિલિન્ડરના સપ્લાયમાં સર્જાયેલી ખેંચને પગલે હવે વિદ્યાર્થીઓના જઠરાગ્નિ પર સંકટ તોળાઈ રહ્યું છે. જિલ્લા કલેક્ટર દ્વારા હોસ્ટેલ અને શૈક્ષણિક સંસ્થાઓને ગેસ સપ્લાયમાં પ્રાથમિકતા આપવાના દાવા કરવામાં આવ્યા હતા, પરંતુ ગ્રાઉન્ડ ઝીરો પર સ્થિતિ તદ્દન વિપરીત જોવા મળી રહી છે. શહેરની અનેક હોસ્ટેલોમાં ગેસનો સ્ટોક ખલાસ થવાના આરે છે, જેના કારણે વિદ્યાર્થીઓના જમવા પર પ્રશ્નાર્થ ચિન્હ મુકાયું છે. તાજેતરમાં વહીવટી તંત્ર દ્વારા એવી ખાતરી આપવામાં આવી હતી કે ગેસ વિતરણમાં હોસ્પિટલ અને હોસ્ટેલ જેવી આવશ્યક સેવાઓને પ્રાથમિકતા અપાશે. જોકે, શહેરની હોસ્ટેલના મેસ સંચાલકોનો આક્ષેપ છે કે ગેસ એજન્સીઓ પાસે વારંવાર રજૂઆત કરવા છતાં નવા સિલિન્ડર રિફિલ થઈ રહ્યા નથી. મેસમાં દરરોજ 200થી વધુ વિદ્યાર્થીઓ જમવા આવતા હોય છે. સવાર-સાંજનું ભોજન તૈયાર કરવા માટે મોટા પ્રમાણમાં ગેસની જરૂરિયાત રહે છે, પરંતુ હાલમાં સંચાલકો પાસે માત્ર એક દિવસ ચાલે તેટલો જ જથ્થો બાકી છે. હોસ્ટેલના સંચાલકોએ મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, અમે કલેક્ટર કચેરીના આદેશોનો હવાલો આપીને એજન્સીઓ પાસે સિલિન્ડર માંગ્યા, છતાં અમને કોઈ સંતોષકારક જવાબ મળ્યો નથી. જો આગામી 48 કલાકમાં ગેસનો પુરવઠો પૂરો પાડવામાં નહીં આવે, તો અમારે મેસ બંધ કરવાની ફરજ પડશે. જો મેસ બંધ થાય તો બહારથી ભણવા આવેલા વિદ્યાર્થીઓને મોંઘા ભાવનું બહારનું ખાવા મજબૂર થવું પડશે અથવા ભૂખ્યા રહેવું પડશે, જેની સીધી અસર તેમના અભ્યાસ પર પડી શકે છે.

### રાહત : કેરોસીનની 'એડહોક' ફાળવણી

વિશ્વભરમાં પ્રવર્તતી ભૌગોલિક અને રાજકીય પરિસ્થિતિને કારણે ઊર્જા પુરવઠા પર સર્જાયેલા જોખમોને ધ્યાનમાં રાખીને ભારત સરકારના પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. મંત્રાલયે વર્ષ 2025-26ના સમયગાળા માટે જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ સુપિરિયર કેરોસીન ઓઈલ ની એડહોક ફાળવણી કરવાની જાહેરાત કરી છે.ફાળવવામાં આવેલો સંપૂર્ણ જથ્થો 45 દિવસની અંદર ઉપાડી લેવાનો રહેશે. જો કોઈ રાજ્ય નિયત સમયમાં જથ્થો નહીં ઉપાડે, તો તેને આગળ વધારવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

### MSUની હોસ્ટેલમાં કોઈ મુશ્કેલી નહિ પડે

વડોદરાની મહારાજા યુનિવર્સિટી દ્વારા સ્પષ્ટતા કરાઇ છે કે, છેલ્લા થોડા સમયથી હોસ્ટેલમાં ગેસ લાઇન અથવા તેની સુવિધા અંગે જે અફવાઓ ફેલાઈ રહી છે, તે સદંતર ખોટી અને પાયાવિહોણી છે. હોસ્ટેલના રસોડામાં ગેસ લાઇન વર્ષોથી કાર્યરત છે અને તે સંપૂર્ણપણે સુરક્ષિત છે. સોશિયલ મીડિયા પર જે વાતો વહેતી થઈ છે કે, ગેસના કારણે વિદ્યાર્થીઓને મુશ્કેલી પડશે કે સુવિધા બંધ થશે તેમાં કોઈ તથ્ય નથી. હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓએ રસોઈ કે અન્ય સુવિધાઓ બાબતે ડર રાખવાની જરૂર નથી. હોસ્ટેલ અને કેન્ટીન તમામ મેસોમાં બધે જ કોર્પોરેશનની ગેસની પાઈપ લાઈનો છે.

### બરોડા મેડિકલ કોલેજની મેસ આજથી બંધ

ઇઝરાઇલ-ઈરાન યુદ્ધની વૈશ્વિક અસર હવે વડોદરામાં પણ જોવા મળી રહી છે. શહેરની બરોડા મેડિકલ કોલેજની મેસમાં કોમર્શિયલ ગેસના બોટલો ખલાસ થઈ જતા આજથી મેસ બંધ કરવાની ફરજ પડી છે. જેના કારણે મેડિકલમાં અભ્યાસ કરતા હજારો વિદ્યાર્થીઓના જમવાના પ્રશ્નો ઊભા થયા છે.મળતી માહિતી મુજબ, મેસમાં ઉપયોગમાં લેવાતા કોમર્શિયલ ગેસના બોટલોનો પુરવઠો ખૂટી પડતા કેન્ટીન સંચાલકો માટે રસોઈ બનાવવી મુશ્કેલ બની ગઈ છે.

### ગૃહિણીઓનું બજેટ ખોરવાયું

ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે વધતા જતા તણાવની સીધી અસર હવે ભારતીય રસોડા પર દેખાવા લાગી છે. મધ્ય-પૂર્વમાં યુદ્ધની સ્થિતિ અને જળમાર્ગોમાં સર્જાયેલા અવરોધને કારણે LPG ગેસના સપ્લાયમાં મોટું સંકટ ઊભું થયું છે, જેના કારણે ગેસ સિલિન્ડરના ભાવમાં તોતિંગ વધારો ઝીંકાયો છે. વડોદરા સહિત રાજ્યભરમાં કોમર્શિયલ અને ઘરેલું ગેસના ભાવ વધતા મધ્યમવર્ગીય પરિવારોની ચિંતામાં વધારો થયો છે.

### ઇન્ડક્શનના વેચાણમાં વધારો

"ગેસ સિલિન્ડરના સતત વધતા ભાવ અને સપ્લાયની અનિશ્ચિતતાને કારણે ગ્રાહકો હવે ઇલેક્ટ્રિક કિચન એપ્લાયન્સિસ તરફ વળ્યા છે. છેલ્લા કેટલાક દિવસોથી અમારી દુકાને ઇન્ડક્શન સગડી, ઇલેક્ટ્રિક કુકર અને એર-ફ્રાયરની પૂછપરછમાં 30 થી 40 ટકાનો વધારો જોવા મળ્યો છે.

**ધ્રુવભાઈ** (V R ઇલેક્ટ્રિક, વડોદરા)

**ગેટ ઉપર તાળું અને અંદર કેમિકલનું કામ ચાલતું હોય છે : હાર્દિક કુશ્વાહા**

# લસુન્દ્રાની શાર્પ પેટ્રોકેમ કંપનીમાં ગેસ લીકેજ, ઢાંકપીછોડાનો પ્રયાસ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.12

વડોદરા જિલ્લાના લસુન્દ્રા ગામ નજીક આવેલી એક ખાનગી કંપનીમાં ગેસ લીકેજની ઘટના બની હતી. ગેસ લિકેજને કારણે બાજુમાં આવેલી કંપનીના કામદારોને આંખોમાં બળતરા અને શ્વાસ લેવામાં તકલીફ પડી હતી. જ્યારે, કેમિકલ ઉત્પાદન કરતી કંપનીમાં ગેસ લીકેજ થતા મેનેજમેન્ટ હરકતમાં આવ્યું હતું અને લીકેજ કંટ્રોલ કરવા તાત્કાલિક કામગીરી શરૂ કરવામાં આવી હતી. જોકે સમગ્ર ઘટના પર ઢાંકપીછોળો કરવામાં આવ્યો હોવાના આક્ષેપ બાજુમાં આવેલી એક કંપનીના કામદારે કર્યા હતા.



વડોદરા જિલ્લાના લસુન્દ્રા ગામ નજીક આવેલી શાર્પ પેટ્રોકેમ નામની ખાનગી કંપનીમાં અચાનક ગેસ લીકેજની ઘટના બની હતી. કેમિકલ ઉત્પાદન કરતી આ કંપનીમાં ગેસ લીકેજ થવાને કારણે આસપાસના વિસ્તારોમાં ચિંતાનો માહોલ જોવા મળ્યો હતો. તાત્કાલિક ગેસ લીકેજની જાણ થતા જ કંપનીનું તંત્ર હરકતમાં આવ્યું હતું અને ગેસને કાબુમાં લેવા પ્રયત્ન હાથ ધર્યા હતા. જ્યારે બીજી તરફ કંપનીની બાજુમાં આવેલી અન્ય એક પોપ્યુલર નામની કંપનીના કામદારે શાર્પ પેટ્રોકેમ કંપની સામે આક્ષેપ કર્યા હતા.

કંપનીના કામદાર હાર્દિક કુસ્વાહાએ જણાવ્યું હતું કે, સવારે 5:00 વાગ્યાના અરસામાં કેમિકલ લીકેજ થયું હતું અને તેનો જે ધુમાડો અમારી કંપની સુધી પ્રસર્યો, જેના કારણે અમારી કંપનીમાં કામ કરતા કામદારોને આંખોમાં બળતરા અને શ્વાસ લેવામાં તકલીફ થવા લાગી હતી. અવારનવાર આવી ઘટના શાર્પ પેટ્રોકેમ કંપનીમાં બન્યા કરે છે. અમે એમના સ્ટાફને જાણ કરવાનો પ્રયત્ન કર્યો પણ એમણે કોઈ અમને સારો જવાબ આપ્યો નથી અને આ વાતને દબાવવાનો પ્રયાસ તેમણે કર્યો હતો. શાર્પ પેટ્રોકેમ કંપનીના મેન ગેટ ઉપર તાળું મારેલું હોય છે અને અંદર કેમિકલનું કામ ચાલતું હોય છે. જેના કારણે અમને વારા ઘડીએ તકલીફ થઈ રહી છે.

**બાયોમેટ્રિક કરાવ્યા બાદ પણ ફાઈલ જ ન ભરાતાં ભાંડો ફૂટ્યો**

# કેનેડાના વર્ક વિઝાના બહાને મહિલા સાથે રૂ.6 લાખની ઠગાઈ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.12

વાસદ ગામે રહેતી એક મહિલાને કેનેડા વર્ક પરમિટ વિઝા અપાવવાના બહાને રૂ.6 લાખની છેતરપિંડી કર્યાનો બનાવ સામે આવ્યો છે. નિઝામપુરા વિસ્તારમાં નીલ ઓવરસીઝ નામથી વિઝા કન્સલ્ટન્સી ચલાવતી મહિલાના વિઝા બનાવી આપ્યા ન હતા કે રૂપિયા પણ પરત આપતી ન હોય તેના વિરુદ્ધ ઠગાઈની ફરિયાદ નોંધાઈ છે.

વાસદ ગામે રહેતી તૃપ્તિબેન મિતેષભાઈ પટેલ (ઉ.વ.48) ઘરકામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમને કેનેડા ખાતે વર્ક પરમિટ પર જવાનું હોવાથી તેમના ભાણેજ રાજ મુકેશભાઈએ જ્યોતિબેન ગોસ્વામી નામની મહિલા સાથે ઓળખાણ કરાવી હતી. જ્યોતિબેન ગોસ્વામી વડોદરાના નિઝામપુરા વિસ્તારમાં "નીલ ઓવરસીઝ" નામથી વિઝા કન્સલ્ટન્સી ચલાવતી હોવાનું જણાવ્યું હતું.ત્યારબાદ તૃપ્તિબેન ગોરવા વિસ્તારની અંકુર વાટિકા સોસાયટી ખાતે જ્યોતિબેનના ઘરે મળવા ગયા હતા. ત્યાં જ્યોતિબેને કેનેડાના બે વર્ષના વર્ક પરમિટ માટે ખર્ચ રૂ. 35 લાખ થશે અને છથી આઠ મહિનામાં વિઝાનું કામ પૂર્ણ થઈ જશે તેવી ખાતરી આપી હતી.10 ડિસેમ્બર 2022ના રોજ પ્રોસેસ શરૂ કરવા માટે તૃપ્તિબેને રૂ.3 લાખ રોકડા આપ્યા હતા અને તેના બદલામાં "નીલ ઓવરસીઝ"ના નામે રસીદ આપવામાં આવી હતી.પછી વધુ પ્રક્રિયા માટે રૂ.3 લાખની માંગણી કરવામાં આવતા તૃપ્તિબેને 12 અને 13 જૂન 2023ના રોજ જીતુ પટેલ નામના વ્યક્તિના મોબાઈલ નંબર પર રૂ.1.75 લાખ ઓનલાઈન ટ્રાન્સફર કર્યા હતા તેમજ રૂ.1.25 લાખ રોકડા આપ્યા હતા. ત્યારબાદ તેમને બાયોમેટ્રિક પ્રક્રિયા માટે અમદાવાદ મોકલવામાં આવ્યા હતા અને બાયોમેટ્રિક પણ કરાવવામાં આવ્યું હતું.આગળ ચાલીને આરોપીએ વીએસએફ અમદાવાદ ખાતે પાસપોર્ટ જમા કરાવવા જણાવ્યું હતું. પરંતુ ત્યાંથી માહિતી મળી કે કેનેડા વર્ક પરમિટ માટે કોઈ અરજી જ કરવામાં આવી નથી. જેથી તૃપ્તિબેનને શંકા જતા પાસપોર્ટ પરત મેળવી જ્યોતિબેન ગોસ્વામીનો સંપર્ક કર્યો હતો.પરંતુ આરોપી તરફથી કોઈ સંતોષકારક જવાબ આપવામાં આવ્યો નહોતો અને બાદમાં ફોન ઉપાડવાનું પણ બંધ કરી દીધું હતું. આ રીતે કેનેડા વર્ક પરમિટ કરાવી આપવાના બહાને કુલ રૂ.6 લાખ લઈને કામ કર્યા વગર છેતરપિંડી કરવામાં આવી હોવાનો આક્ષેપ કરાયો હતો.

**સમા-સાવલી રોડ પર ઘટનાથી હોબાળો**

# દારૂના નશામાં તબીબો બેકાબૂ, કારે ટક્કર મારતા હોબાળો

(પ્રતિનિધિ) વડોદરા તા.12

વડોદરામાં દારૂના નશામાં તબીબ અને ઈજનેર દ્વારા બબાલ સર્જાયાની ઘટના સામે આવી છે. સમા-સાવલી રોડ પર નશાની હાલતમાં કાર હંકારી રહેલા ત્રણ યુવકોએ એક કારને ટક્કર મારી હતી. ત્યારબાદ કાર ચાલકે તેમનો પીછો કરી તેમને આંતર્યા હતા.

મળતી માહિતી અનુસાર ત્રણેય યુવકો વડોદરામાં એક લગ્ન પ્રસંગમાં હાજરી આપવા આવ્યા હતા. ઘટના બાદ કાર ચાલકે કંટ્રોલ રૂમમાં ફોન કરતા જનરક્ષક ટીમને બોલાવવામાં આવી હતી. જોકે, પોલીસ પહોંચી ત્યારે પણ નશામાં ધૂત ત્રણેય યુવકો દ્વારા પોલીસ સાથે ગેરવર્તન કરવામાં આવ્યું હતું.

પોલીસે કાર્યવાહી કરી અમદાવાદના રહેવાસી એન્જીનીયર પરાગ ચૌહાણ, તેમજ તબીબ ડો. અંકુર ચૌહાણ અને



ડો. ધૈર્ય આચાર્યને અટકાયત કરી હતી. સમગ્ર ઘટનાનો તબીબોના અભદ્ર વર્તન દર્શાવતો વીડિયો પણ સામે આવ્યો છે, જે સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય બન્યો છે.

પોલીસ દ્વારા ત્રણેય વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

**મહાનગરપાલિકાના વિવિધ વિભાગોના રિપોર્ટ કાર્ડની સમીક્ષા**

# સ્વચ્છતામાં 'નંબર 1' -વેરા વસૂલાતમાં '100%'નો લક્ષ્યાંક હાંસલ કરવા VMCની રિવ્યૂ બેઠક યોજાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.12

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરની પ્રાથમિક સુવિધાઓ અને વહીવટી પ્રક્રિયાને વેગ આપવાના હેતુથી ઉચ્ચ અધિકારીઓની એક મહત્વની રિવ્યૂ બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં આગામી 'સ્વચ્છ સર્વેક્ષણ'ને ધ્યાનમાં રાખીને શહેરની સફાઈ વ્યવસ્થાને વધુ ચુસ્ત બનાવવા તેમજ કોર્પોરેશનની આવક વધારવા માટે ટેક્સ કલેક્શનની કામગીરી પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. બેઠકની શરૂઆતમાં શહેરના સેનીટેશન વિભાગની કામગીરીની ઝીણવટભરી સમીક્ષા કરવામાં આવી હતી. સ્વચ્છ સર્વેક્ષણના માપદંડો મુજબ વડોદરા શહેર ઉત્કૃષ્ટ પ્રદર્શન કરે તે માટે ડોર-ટુ-ડોર કચરો ઉઠાવવાની સિસ્ટમને વધુ



કાર્યક્ષમ બનાવવાની સૂચના અપાઈ હતી. ખાસ કરીને શહેરના મુખ્ય માર્ગો ઉપરાંત આંતરિક વિસ્તારોમાં પણ નિયમિત સફાઈ થાય અને કચરાના નિકાલની વ્યવસ્થામાં કોઈ ક્ષતિ ન રહે તે જોવા અધિકારીઓને જણાવાયું હતું. સેનીટેશન સંબંધિત ફરિયાદોનો નિકાલ સમયમર્યાદામાં કરવા પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો. બીજી તરફ, મહાનગરપાલિકાની આર્થિક સ્થિતિને મજબૂત કરવા માટે રેવન્યુ અને પ્રોપર્ટી ટેક્સ કલેક્શન અંગે ગહન ચર્ચા કરવામાં આવી હતી. જે વિસ્તારોમાં વેરાની વસૂલાત ઓછી છે અથવા જ્યાં લાંબા સમયથી ટેક્સ બાકી છે, ત્યાં રિકવરીની કામગીરી ઝડપી બનાવવા અધિકારીઓને જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. મ્યુનિસિપલ કમિશનર દ્વારા સ્પષ્ટ સૂચના આપવામાં આવી હતી કે બાકી રહેલા વેરાની વસૂલાત માટે ઝુંબેશ ચલાવવામાં આવે અને આ કામગીરીનું ઉપરના સ્તરેથી નિયમિત મોનિટરિંગ કરવામાં આવે. આ રૂટિન રિવ્યૂ બેઠકમાં કોર્પોરેશનના વિવિધ વિભાગોના વડાઓ અને ઝોનલ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. તમામ અધિકારીઓએ પોતપોતાના વિભાગ દ્વારા કરવામાં આવેલી કામગીરીનો રિપોર્ટ રજૂ કર્યો હતો. બેઠકના અંતે વહીવટી તંત્ર દ્વારા એ વાત સ્પષ્ટ કરવામાં આવી હતી કે શહેરની સ્વચ્છતા અને વિકાસના કામો માટે જરૂરી એવી મહેસૂલી આવક એ પાલિકાની પ્રાથમિકતા છે અને તેમાં કોઈ પણ પ્રકારની બેદરકારી ચલાવી લેવામાં આવશે નહીં.

**16 માર્ચથી વાદળછાયું વાતાવરણ રહેશે**

# શહેરમાં ગરમીનું તાપમાન ઘટીને 39 ડીગ્રી પહોંચ્યું

( પ્રતિનિધિ ) વડોદરા,તા.12

વડોદરા શહેરમાં વાતાવરણમાં ફેરફાર જોવા મળ્યો છે. એકાએક ગરમીમાં વધારો થયા બાદ ઘટાડો નોંધાયો છે. ગુરુવારે વડોદરા શહેરનું મહત્તમ તાપમાન 39 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન 21 ડિગ્રી સાથે સવારે હવામાં ભેજનું પ્રમાણ 45 ટકા અને સાંજે 19 ટકા નોંધાયું હતું. નોંધનીય છે કે, બુધવાર વડોદરા માટે આ ઉનાળાનો હોટેસ્ટ ડે બન્યો હતો. મહત્તમ તાપમાન બુધવારે 41.6 ડિગ્રી નોંધાયું હતું. જેના કારણે શહેરના જુદા જુદા વિસ્તારોમાં રસ્તા ઉપર ડામર ઓગળ્યો હતો. ત્યારે, હવે શુક્રવારથી ગરમીનો પારો ધીરે ધીરે ઘટવા માંડ્યો છે. જેથી શહેરીજનોને ગરમીમાંથી હવે રાહત મળી શકે છે. આગામી 14 માર્ચથી સર્જાતા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરથી આગામી સપ્તાહે વાતાવરણમાં વાદળો સર્જાતા બફારો સર્જાશે. હવામાન નિષ્ણાંતોના મત મુજબ રસ્તા પર પથરાયેલો કોંક્રીટ તેમજ આસપાસની બિલ્ડીંગ ગરમીને શોષી રહી છે.

જેના કારણે શહેરોમાં ગરમીનું પ્રમાણ વધુ લાગતું હોય છે. આ ઉપરાંત પવનો પણ બિલ્ડીંગોના કારણે રોકાઈ જાય છે. જે ગરમી વધુ રાખવાનું મુખ્ય કારણ પણ છે. હવામાન વિભાગ મુજબ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે આગામી 16 થી 20 માર્ચ સુધી વાદળછાયું વાતાવરણ રહેશે.

**મેડિકલ સાધનો સહીત રૂપિયા 30 હજારનો મદ્દામાલ જપ્ત**

# શહેરના ગાજરવાડી વિસ્તારમાંથી ડિગ્રી વગરનો ડોક્ટર ઝડપાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.12

વડોદરા શહેરમાં તબીબી ડિગ્રી વગર બોગસ ડોક્ટર લોકોની સારવાર તેમજ દવા આપીને તેમના આરોગ્ય સાથે ચેડાં કરતા હોય છે. ત્યારે એસઓજીની ટીમે ગાજરાવાડી વિસ્તારમાં ડિગ્રી વગરના ડોક્ટરના ક્લિનિકમાં રેડ કરી તબીબને ઝડપી પાડ્યો હતો. કલીનિકમાં એલોપેથીક દવાઓ, ઈન્જેક્શન અને મેડિકલ સાધનો સહિત કુલ અંદાજે રૂ. 30 હજારનો મુદ્દામાલ કબજે કર્યો છે. સ્પેશિયલ ઓપરેશન ગ્રુપના પીઆઈ જે.આર.ગામીતની સુચના મુજબ ટીમ શહેર વિસ્તારમાં પેટ્રોલિંગમાં રહી હતી. એસઓજીના એએસઆઈ જયેન્દ્રસિંહ ભીમસિંહને બાતમી મળી હતી કે ગાજરાવાડી સુએજ પમ્પિંગ નજીક શિવનગર મહોલ્લામાં આવેલા સ્વસ્તિક ક્લિનિકમાં ધવલ ભરત કવાડ



કોઈપણ માન્ય તબીબી ડિગ્રી વગર દર્દીઓની સારવાર કરી એલોપેથીક દવાઓ આપી રહ્યો છે. બાતમીના આધારે એસઓજી ટીમ તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર સાથે મળી ક્લિનિકમાં દરોડો પાડવામાં આવ્યો હતો. દરોડા દરમિયાન ધવલ કવાડ ક્લિનિકમાં હાજર મળી આવ્યો હતો. તેની પાસે એલોપેથીક દવાઓ, ઈન્જેક્શન, સિરપ, ગ્લુકોઝ બોટલો, બીપી માપવાનું ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, નેબુલાઈઝર, સ્ટેથોસ્કોપ, આઈવી સ્ટેન્ડ, રજીસ્ટર, યુપીઆઈ સ્કેન મશીન તથા મોબાઈલ ફોન મળી આવ્યા હતા.

પૂછપરછ દરમિયાન આરોપી પાસે કોઈપણ માન્ય મેડિકલ ડિગ્રી કે રજીસ્ટ્રેશન ન હોવાનું સામે આવ્યું હતું. એસઓજીની પ્રાથમિક તપાસમાં આરોપી અંદાજે સાત મહિનાથી સ્વસ્તિક ક્લિનિકમાં એલોપેથીક દવાઓ અને ઈન્જેક્શન આપી ગેરકાયદે ડોક્ટરી પ્રેક્ટિસ કરી લોકોના આરોગ્ય સાથે ચેડા કરતો હોવાનું બહાર આવ્યું છે. પોલીસે આરોપી બોગસ ડોક્ટર ધવલ ભરત કવાડ (રહે. શંકર પોળ, રાવપુરા રોડ, વડોદરા, મૂળ રહેવાસી વાઘનગરવાડી, તા. મહુવા, જી. ભાવનગર)ને ઝડપી તેની પાસેથી કુલ રૂ. 30 હજારનો મુદ્દામાલ કબજે કર્યો છે.

**સદનસીબે ચાલકનો બચાવ**

# ડ્રાઈવરને ઝોકૂ આવતા ઉભેલી ટ્રકની પાછળ આઈસર ઘૂસી



( પ્રતિનિધિ ) વડોદરા,તા.12

વડોદરા શહેરમાં અકસ્માતોનો સિલસિલો યથાવત જોવા મળી રહ્યો છે. તેવામાં વધુ એક અકસ્માતની ઘટના કપુરાઈ ચોકડી પાસે બની હતી. વહેલી સવારે હાઈવે પર ઊભેલી ટ્રકની પાછળ આઈસર ગાડી અથડાતા અકસ્માત સર્જાયો હતો. સદનસીબે અકસ્માતમાં કોઈ જાનહાની થઈ ન હતી.વડોદરા શહેર અને હાઈવે ના માર્ગો ઉપર અકસ્માતોની વર્ણથંભી વણઝાર યથાવત જોવા મળી રહી છે. દરરોજ નાના મોટા અકસ્માતો સર્જાઈ રહ્યા છે. તેવામાં આજે વહેલી સવારે 4:30 વાગ્યાની આસપાસ વધુ એક અકસ્માતની ઘટના કપુરાઈ ચોકડી પાસે બની હતી. પ્રાપ્ત માહિતી અનુસાર કપુરાઈ ચોકડી પાસે વહેલી સવારે ઊભેલી ટ્રકની પાછળ એક આઈસર ગાડી અથડાતા અકસ્માત સર્જાયો હતો. આઈસરના ગાડી ચાલકને ઝોકું આવી જતા ગાડી પર કાબુ ગુમાવતા હાઈવે પર આગળ ઊભેલી ટ્રકમાં ધડાકાભેર આઈસર ગાડી અથડાઈ ગઈ હતી.

**મિત્રતાના ઓઠે આચર્યું લાખો રૂપિયાનું ફુલેકું**

# વડોદરાના બિલ્ડર સાથે છેતરપિંડી કરનાર સોનેશ પટેલ જેલ ભેગો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.12

શહેરના જમીન લે-વેચના વ્યવસાય સાથે સંકળાયેલા વેપારી સાથે મિત્રતા કેળવી, આર્થિક જરૂરિયાત જણાવી લીધેલા લાખો રૂપિયા પરત ન કરી ચેક બાઉન્સ કરવાના કેસમાં વડોદરાની કોર્ટે મહત્વનો ચુકાદો આપ્યો છે. એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ઈફ્તેખારહુસેન સૈયદની કોર્ટે આરોપી સોનેશ રાવજીભાઈ પટેલને દોષિત ઠેરવી એક વર્ષની કેદની સજા ફટકારી છે. સાથે જ ફરિયાદીને ચેકની રકમ મુજબ રૂ. 50 લાખનું વળતર ચૂકવવાનો આદેશ કર્યો છે. વિગતવાર ઘટના મુજબ, વાસણા ભાયલી રોડ પર રહેતા અને જમીન લે-વેચના વ્યવસાયી ચતુરભાઈ ગોરધનભાઈ દુધાતે જૂના પાદરા રોડ પર પોતાના મકાનનું રી-ડેવલપમેન્ટ કરી એક કોમ્પલેક્ષ બનાવ્યું હતું. આ કોમ્પલેક્ષમાં આરોપી સોનેશ રાવજીભાઈ પટેલ (રહે. આત્મજ્યોતિનગર, ઈલોરાપાર્ક) એ ત્રીજા માળે ઓફિસ ખરીદી હતી. દરમિયાન બંને વચ્ચે પરિચય થયો હતો જે બાદમાં મિત્રતામાં પરિણમ્યો હતો. વર્ષ 2024માં સોનેશે પૈસાની જરૂરિયાત હોવાનું કહી તેની માતાનું 'ડ્રીમ ક્રિસ્ટલ સ્કીમ'માં આવેલું મકાન ચતુરભાઈને વેચવાની વાત કરી હતી. રૂ. 1.20 કરોડમાં મકાનનો સોદો નક્કી કરી બાનાખત કરાયું હતું. ચતુરભાઈએ ટુકડે-ટુકડે રૂ. 75 લાખ ચૂકવ્યા હતા. ત્યારબાદ સોનેશે ધંધા માટે વધુ રૂ. 1.40 કરોડની માંગણી કરતા, વિશ્વાસના આધારે ચતુરભાઈએ આ રકમ પણ આપી હતી. સોનેશે લીધેલી રકમ પરત કરવા માટે આપેલો રૂ. 50 લાખનો ચેક બેંકમાં જમા કરાવતા તે અપૂરતા ભંડોળને કારણે પરત ફર્યો હતો. આથી ચતુરભાઈએ તેમના વકીલ પ્રશાંત કાપડિયા મારફતે કોર્ટમાં ફરિયાદ દાખલ કરી હતી. કોર્ટે બંને પક્ષોની દલીલો અને દસ્તાવેજી પુરાવા ગ્રાહ્ય રાખી સોનેશ પટેલને સજા ફટકારી છે. નોંધનીય છે કે આરોપી સોનેશ પટેલ રીઢો ગુનેગાર હોવાનું જણાય છે, આ જ ફરિયાદીના રૂ. 30 લાખના અન્ય એક ચેક બાઉન્સ કેસમાં પણ સોનેશને અગાઉ બે વર્ષની કેદ અને રૂ. 30 લાખના વળતરનો હુકમ થયેલો છે. મહીસાગર કિનારે સ્કીમ મૂકી અંદાજે રૂ. 5 કરોડની છેતરપિંડી કરવાના આંકલાવ પોલીસ મથકના ગુનામાં પણ તેની સંડોવણી ખુલી છે.